# કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો રે

કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

તારી કૃપાએ મારા કાજ સરો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

શેત્રુંજય તીર્થનાં સાહિલ સોહામણા

દેવાધિદેવ કરું દિલમાં પધરામણા

શેત્રુંજય તીર્થનાં સાહિલ સોહામણા

દેવાધિદેવ કરું દિલમાં પધરામણા

અંતર પધારી મારું શ્રેય કરો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

ભવની ગલીનો હું તો પાપી ભિખારી,

રૂડા હે નાથ તારી કરું  આજ  યારી

ભવની ગલીનો હું તો પાપી ભિખારી,

રૂડા હે નાથ તારી કરું  આજ  યારી

શિવપુરના વાસી મને યાદ કરો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

તારે ને મારે નાથ અંતર ઝાઝેરું

આવો અંતર  તો મારા પાપો વિખેરું

તારે ને મારે નાથ અંતર ઝાઝેરું

આવો અંતર  તો મારા પાપો વિખેરું

પાપો વિખેરી વીર આવી મળો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

તારો વિરહ મારા દિલડાને ડંખતો

તેથી તમારું દર્શ દિલથી હું ઝંખતો

તારો વિરહ મારા દિલડાને ડંખતો

તેથી તમારું દર્શ દિલથી હું ઝંખતો

મોંઘેરી ઝંખનાને પુર્ણ કરો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

મંથન સ્વરૂપ તારા યાત્રાના ભાવથી

તલસે વિયોગ મારો તારા સદભાવથી

મંથન સ્વરૂપ તારા યાત્રાના ભાવથી

તલસે વિયોગ મારો તારા સદભાવથી

મળવા એકાંત મન મારું મળો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો રે  (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

તારી કૃપાએ મારા કાજ સરો રે (૨)

આદિનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

February 26, 2016 - https://www.youtube.com/watch?v=baRP_YGyId0